# બાયડની નવીનગરી વસાહતમાંથી ૩ પાટલા ઘો ઝડપાઈ, આરોપી ફરાર

## ૩ વર્ષ પહેલાંની ઘટનાનું પુનરાવર્તન, વન વિભાગ ફરી ઉંઘતું ઝડપાયું









બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

બાયડની નવીનગરી વસાહતમાંથી વન વિભાગની ટીમે બાતમીના આધારે જીવતી ૩ પાટલા ઘો ઝડપી લીધી હતી. આરોપી રાજુ પોપટભાઈ વાઘેલા અપેક્ષા મુજબ ફરાર થઈ ગયો હતો. વર્ષ-૨૦૧૮માં બાયડના ચોઈલા રોડ ફાટક પાસે ૭ પાટલા ઘો ને મોતને ઘાટ ઉતાર્યા પછી સપ્તાહ પછી શકમંદ આરોપીઓ વન વિભાગને મળ્યા પરંતુ મામલો દબાવી દેવામાં આવ્યો હતો. આ મામલે પણ આવું જ કંઈક રંધાય તેવી આશંકા સેવાય છે.

### વન વિભાગ માત્ર પોસ્ટ મોર્ટમ કરી ફરજ પૂર્ણ કર્યાનો સંતોષ માને છે

બાયડ : બાયડ તાલુકામાં છેલ્લા ૧૩ વર્ષ દરમ્યાન નિલગાય, મગર, રાષ્ટ્રીય પક્ષી મોરની હત્યાના થોકબંધ બનાવો છતાં ઝૂઝ બનાવો ચોપડે નોંધાયેલા છે તેમાં એકાદ-બે વાર પોસ્ટમોર્ટમ કર્યા પછી આજદિન સુધી સાચુ કારણ બહાર આવ્યું નથી અને બહાર આવ્યું હોય તો વન વિભાગના દફતર ઉપર મૂકીને અભરાઈ ઉપર ચઢાવી દીધાના ગંભીર આક્ષેપ થઈ રહ્યા છે.

બાયડમાં વન વિભાગની મીલીભગતથી વૃક્ષ છેદનની પ્રવૃત્તિ સાથે વન્ય પ્રાણીઓના નિકંદન માટે પણ હરીફાઈ ચાલી રહી છે. છેલ્લા એક મહિનાથી બાયડ પંથકમાં પાટલા ઘો ને મોતને ઘાટ ઉતારી તેને વેચવાનું ષડયંત્ર ચાલતું હતું. પરંતુ તંત્રને તેમાં જાજો રસ ન હતો. મંગળવારે કોઈ બાતમીદારે વન વિભાગને જાણ કરી કે બાયડની નવીનગરી વસાહત તરીકે ઓળખાતા વિસ્તારમાં પાટલા ઘો ને વેચી મારવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. જેથી વિભાગના અધિકારીઓએ રહેણાંક વિસ્તારમાં છાપો મારી ગુપ્ત સ્થળે સંતાડેલી ૩ જીવતી પાટલા ઘો મળી આવતાં આસપાસના રહીશોમાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી. વન વિભાગની ટીમે જીવિત પાટલા ઘો ને પોતાના તાબામાં લઈ ઘરમાલિક રાજુ વાઘેલાની શોધ શરૂ કરી છે. રાજુ વાઘેલા પાટલા ઘો ને ક્યાંથી લાવ્યો..?? કોઈના પાસેથી વેચાણથી લીધી કે પછી અન્ય કોઈ ઉપયોગ માટે તે લઈ આવ્યો હતો..?? તે તમામ બાબતો અત્યારે તો અનુત્તર રહી છે.

### ગુનેગારોને કાયદામાં ૩ થી ૬ વર્ષની સજાની જોગવાઈ : નિવૃત્ત વન અધિકારી

બાયડ : જિલ્લા નિવૃત્ત વન અધિકારીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે પાટલા ઘો ની હત્યા થઈ હોય તો વન્ય પ્રાણી અધિનિયમ-૧૯૭૨ ના ૬ શિડ્યુઅલ પૈકી ભાગ-૨ નું આ પ્રાણી ગણાય છે જેથી વન વિભાગ આરોપીને પકડે તો પણ કોઈ સજા કરી શકતું નથી પરંતુ આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા પછી કોર્ટ ગુનાનું કૃત્યનું આંકલન કરી રૂા.૨૫ હજારનો દંડ તેમજ ગુનો સાબિત થાય તો ૩ થી ૬ વર્ષની સજા કરી શકે છે તેમ જણાવ્યું હતું. પરંતુ બાયડમાં ૩ જીવતી પાટલા ઘો મળી આવતાં તેમને સુરક્ષિત સ્થળે છોડી મૂકાશે અને આરોપી સામે નિયમાનુસાર કાર્યવાહી થઈ શકે.

### સાડા છ વર્ષ પછી પણ મગરના હત્યારા વન વિભાગની આંખોમાંથી ઓઝલ

બાયડ : બાયડ તાલુકામાં વિરપ્પનો અને વન્ય પ્રાણીઓના હત્યારા સાથે વન વિભાગની સાંઠગાંઠ જગજાહેર છે. તા.૧૯ ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ બાયડ તાલુકાના વાત્રકગઢ નજીક વાત્રક નદીમાં મગરની કરપીણ હત્યા કરી હત્યારા તાંત્રિક વિધિ માટે મગરની પૂંછડી કાપીને લઈ ગયા હતા. જે તે સમયના વન અધિકારીએ સમગ્ર મામલો ખિસ્સાં ભરીને દબાવી દીધાનો આક્ષેપ થયો હતો. રાજ્ય અને સ્થાનિક જિલ્લાના વન અધિકારીઓની ટીમ આંટા મારી સરકારની તિજોરી ઉપર ડીઝલનું ભારણ વધારી રવાના થઈ ગઈ હતી અને બનાવના સાડા છ વર્ષ પછી પણ હત્યારા વન વિભાગની આંખોમાંથી આંઝલ રહ્યાનું કારણ શું..?? તેની રાજ્યના વન વિભાગે તપાસ કરાવવી રહી.

બાયડ વન વિભાગના અધિકારીએ વાઘ માર્યો હોય તેમ પાટલા ઘો કેવી રીતે પકડી..??? કોણ સંડોવાયેલા છે..?? તેની વિગતો આપવા માટે વાત્રક નજીકની નર્સરીમાં આવવાનું કહેતાં આ મુદ્દો પણ સમગ્ર જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

# આર. એન્ડ બી. સ્ટેટની કામગીરી સામે પ્રચંડ રોષ

## અધિકારી નિવૃત્ત થતા હોવાથી રસ નથી : બાયડના મેઈન બજારમાં ભંગાર રોડથી અકસ્માતોની વણઝાર





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

બાયડ-મોડાસા-નડીયાદ-કપડવંજ હાઈવે કેટલાક વિસ્તારોમાં જોખમી બન્યો છે. બાયડના મેઈન બજારમાં ભંગાર રોડથી અકસ્માતોની વણઝાર જોવા મળી રહી છે. ચોમાસા અગાઉ સમારકામ કરવાનું હોય છે પરંતુ નડીયાદ ડીવીઝનના કાર્યપાલક ઈજનેર નિવૃત્ત થતા હોવાથી તેમને હવે કામમાં નહીં પરંતુ અન્યમાં રસ હોવાની લોકચર્ચા સંભળાઈ રહી છે. રાજ્ય સરકાર અને આર. એન્ડ બી. સ્ટેટ દ્વારા કુંભકર્ણની નિંદ્રામાં આળોટતા નડીયાદ ડીવીઝનના અધિકારી સામે કાર્યવાહી કરે તેવી બાયડના નગરજનો અને વેપારીઓએ માંગ કરી છે.

પી.પી.પી. ના ધોરણે મોડાસા-બાયડ-નડીયાદ માર્ગનું નવીનીકરણ થયું અને કંપનીએ પ્રજા ઉપર ઉપકાર કર્યો હોય તેમ ખડબચડો રોડ સમારકામ કરવા માટે ફુરસદ નથી. બાયડના જી.ઈ.બી. થી પોલીસ સ્ટેશન સુધીના ૧ કી.મી. લાંબા માર્ગ ઉપર મોટાભાગનો રોડ ખડબચડો થઈ ગયો છે જેથી નાના-મોટા વાહનો દોડતા હોય ત્યારે એક સાઈડમાં ખેંચાઈ જતા હોય છે અને ગમખ્વાર અકસ્માત સર્જાય છે. એક એવી બાબત જગજાહેર છે કે નડીયાદ ડીવીઝનના કાર્યપાલક ઈજનેર અરવલ્લી વહીવટી તંત્રને ગાંઠતા જ નથી. અગાઉ મીટીંગોમાં હાજર ન રહેવા બદલ તત્કાલિન કલેક્ટરે નોટિસ આપ્યા પછી પણ ફરક્યા નથી અને હવે બાયડમાંથી પસાર થતો માર્ગ ખરબચડો અને ભયજનક બની ગયો છે છતાં પણ તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં આળોટી રહ્યું છે. તાજેતરમાં જ ભૂગર્ભ ગટરનાં ઢાંકણ હલકી ગુણવત્તાનાં નાખવામાં આવ્યાં અને અઠવાડીયામાં જ તૂટી ગયાં છે જેથી નબળી કામગીરીની રાજ્ય સરકારના આર. એન્ડ બી. સ્ટેટ વિભાગ દ્વારા તપાસ કરી કાર્યવાહી થવી જોઈએ.

# બેદરકારી : મેઘરજ પુરવઠા નિગમના ગોડાઉનમાં મકાઈનો જથ્થો સળી જતાં રિપોર્ટ કરવા સૂચના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

મેઘરજમાં પુરવઠા નિગમના ગોડાઉનમાં મકાઈનો જથ્થો સળી ગયો હોવાની વિગતો બહાર આવતાં વિભાગમાં હડકંપ મચ્યો છે. જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા આ મુદ્દે મેઘરજ મામલતદારને તાત્કાલિક રિપોર્ટ કરવા માટે જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે. સરકારી અનાજનો જથ્થો અખાદ્ય બની ગયો ત્યાં સુધી જાળવણીમાં ગંભીર બેદરકારી કોની..?? તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે. જ્યારે નિગમના ગોડાઉનમાં મકાઈનો કેટલો જથ્થો સડી ગયો છે..?? તે બાબતે રિપોર્ટ આવ્યા બાદ ખ્યાલ આવે તેવું પુરવઠા વિભાગનું કહેવું છે.

રાજ્ય સરકાર દ્વારા આ વખતે કાર્ડધારકોને નિયમિત મળતા રેશનીંગના જથ્થામાં મકાઈનો જથ્થો પ્રથમવાર ફાળવવામાં આવતાં લાભાર્થી કાર્ડધારકો હોંશે હોંશે સસ્તા અનાજની દુકાનોમાંથી મકાઈ ખરીદી રહ્યા છે. સરકારે મકાઈનો જથ્થો ફાળવ્યો તો ખરો પરંતુ પુરવઠા નિગમના ગોડાઉનોમાં યોગ્ય જાળવણીના અભાવે મકાઈ અખાદ્ય હોવાની વિગતો બહાર આવી છે જેમાં મેઘરજના પુરવઠા નિગમના ગોડાઉનમાં સુરક્ષિત રાખવામાં આવેલ પુરવઠાના જથ્થાની કોઈ દરકાર લેવામાં આવતી ન હોય તેમ મકાઈનો કેટલોક જથ્થો સડી ગયો હોવાની વાતો બહાર આવી જતાં તંત્ર હરકતમાં આવ્યું છે. સરકાર ગરીબોને બે ટંક ભોજનમાં મકાઈનો રોટલો મળી રહે તેવા આશય સાથે પ્રથમવાર મકાઈનો જથ્થો ફાળવ્યો છે અને તેમાંય જવાબદાર તંત્ર સાચવણીમાં સદંતર નિષ્ફળ જતાં જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા આ મુદ્દે મેઘરજ પુરવઠા નિગમના મામલતદાર પીનાકીન જાદવને તાત્કાલિક રિપોર્ટ કરવા માટે સૂચના આપ્યાનું જાણવા મળ્યું છે. જો કે મકાઈનો કેટલો જથ્થો બેદરકારીના કારણે નિગમના ગોડાઉનમાં સળી ગયો છે..?? તેના પ્રત્યુત્તરમાં જિલ્લા પુરવઠા તંત્રએ રિપોર્ટ આવ્યા પછી જ ખ્યાલ આવી શકે તેમ જણાવ્યું છે.

# ભજનમાં દાનનો ભાવ ભળ્યો : બાયડ હાઈસ્કુલના સાંસ્કૃતિક હોલ માટે શ્રી કૃષ્ણ ભજન મંડળ દ્વારા રૂા.૫૧,૦૦૦નું દાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

બાયડ હાઈસ્કુલમાં નિર્માણ થઈ રહેલા સાંસ્કૃતિક હોલ માટે શ્રી કૃષ્ણ ભજન મંડળ-બાયડ દ્વારા રૂા.૫૧,૦૦૦નું દાન અપાતાં



બાયડ કેળવણી મંડળે શ્રી કૃષ્ણ ભજન મંડળના સર્વ સભ્યોનો આભાર માન્યો છે. ભજનમાં પણ દાનનો ભાવ ભળતાં તેની સુવાસ ચારેબાજુ પ્રસરી રહી છે.

કોરોનાના કપરા કાળમાં પણ અનેક સેવાકીય કાર્યો ચાલુ રહ્યા છે. ૭ દાયકા જૂની શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બાયડ હાઈસ્કુલે સમાજને ખ્યાતનામ ડૉક્ટર, ઈજનેર, ઉદ્યોગકારો, શિક્ષકોની ભેટ આપી છે. આજે પણ શાળાના ભૂતપૂર્વ છાત્રો શાળાની પ્રગતિ જોઈ ખુશાલી અનુભવતા હોય છે. બાયડ કેળવણી મંડળના અધ્યક્ષ કનુભાઈ એમ. પટેલ, ચેરમેન મોતીભાઈ પટેલ, સેક્રેટરી વિનુભાઈ જે. પટેલ, જોઈન્ટ સેક્રેટરી કનુભાઈ કે. પટેલ તથા શાળા સ્ટાફ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે વિશાળ સાંસ્કૃતિક હોલનું નિર્માણ શરૂ કર્યું છે. દાતાઓનો અમૂલ્ય સહયોગ મળતાં કામ ઝડપથી આગળ ધપી રહ્યું છે ત્યારે બાયડમાં કાર્યરત શ્રી કૃષ્ણ ભજન મંડળના પ્રમુખ રાજનભાઈ ઠાકોર, નટુભાઈ પટેલ(દખણેશ્વર), શાળાના નિવૃત્ત શિક્ષક એન. એમ. સોની, રાજૂભાઈ પૂરોહીત, અનિલભાઈ પટેલ તથા મનોજભાઈ ભાટીયા વગેરેએ સાંસ્કૃતિક હોલ માટે રૂા.૫૧,૦૦૦નો દાનનો ચેક આપી શૈક્ષણિક સંકુલ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી હતી. શાળાના આચાર્ય સુનિલભાઈ પટેલ સહિત કારોબારી સભ્યોએ દાતાઓનો આભાર માન્યો.

# બેરણાના માથાભારે શખ્સ સામે પગલાં ભરવા ઠાકોર સેના દ્વારા એસ.પી.ને રજુઆત

## બેરણા દૂધ કૌભાંડ મામલામાં ફરી ગરમાટો...

ગાંભોઈ, તા.૨૯

હિંમતનગર તાલુકાના બેરણા દૂધ મંડળીમાં ગત તારીખ ૩૧ મેંના રોજ બનાવટી દૂધ ભરવાનો કિસ્સો બહાર આવ્યા બાદ પોલીસ તંત્ર દ્વારા આ અંગે કોઈ પગલાં ન લેવાયા બાદ આ સમગ્ર કૌભાંડને બહાર લાવનાર જ ખુદ માથાભારે અને પ્રોહિબિશનના ગુન્હા આચરતો હોવાના આક્ષેપ સાથે સ્થાનિક ગામ લોકોમાં ઉગ્ર માંગણી થતાં ઠાકોર સેના દ્વારા તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ સાબરકાંઠા જિલ્લા એસ.પી.ને ઉદ્દેશીને એક આવેદનપત્ર આપી ન્યાયની માંગ થતાં આ મામલો બેરણા અને આસપાસના ગ્રામ્ય જનતામાં વધુ ચર્ચાસ્પદ બન્યો છે.

બેરણા દૂધ મંડળીમાં છેલ્લા એક વર્ષ દરમિયાન હિંમતનગરની ખાનગી ડેરીનું રૂપિયા ૪૯ લાખથી વધુ કિંમતનું દૂધ ભેળસેળવાળું શંકાસ્પદ હોવાના મામલે સ્થાનિક ગ્રામ્ય જનતામાં ભારે વિરોધ થતાં સાબરડેરીમાં તેનું પરીક્ષણ કરાયું હતું અને દૂધ સ્વીકારવા લાયક ન હોવાનો અભિપ્રાય આપી મંડળીનું દૂધ એક દિવસ સ્વીકાર્યું ન હતું. ગત તારીખ ૩૧ મેના રોજ સાબરડેરી દ્વારા તપાસ રિપોર્ટ આવ્યા બાદ ગામની દૂધ મંડળીમાં ફરી હોબાળો થયો હતો. આમ છતાં આ મામલા અંગે કોઈ અન્યાય ન મળતા ગત ગુરૂવારના રોજ ઠાકોર સેનાના નેજા હેઠળ બળવંતસિંહ બાબુસિંહ પરમાર અને પરેશકુમાર કોદરભાઈ રામીએ એસ.પી. સમક્ષ આવેદનપત્ર આપી કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે આ દૂધ કૌભાંડને બહાર લાવનારા જ એક જ્ઞાતિના હોવાના કારણે તેમજ કેટલાક ઝનૂની સ્વભાવવાળા અને પ્રોહીબીશનનો ધંધો કરતા હોવાના સહિત વિવિધ આક્ષેપો સાથે રજૂઆત કરી છે. ઠાકોર સેના દ્વારા આ અંગે ઉંડી તપાસ કરી સ્થાનિક ગ્રામ્ય જનતાને ન્યાય મળે તેવી કાર્યવાહી કરવા અંગે જણાવતાં બેરણા ગામ તેમજ આસપાસના ગ્રામ્ય જનતામાં આ મામલામાં ફરી ગરમાટો આવ્યો છે. હવે પોલીસતંત્ર આ અંગે કેવા પગલાં ભરે છે એની ઉપર ગ્રામ્ય જનતાની નજર મંડાઈ છે.

# પ્રાંતિજના બોભા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બોભા ખાતે આવેલ સ્મશાન ગૃહ ખાતે બોભા ગામના યુવાનો દ્વારા આયુર્વેદિક વૃક્ષોનુ વૃક્ષારોપણ



કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ તાલુકાના બોભા ખાતે રહેતા યુવાનો દ્વારા ગામમા આવેલ અંતિમ ધામ ખાતે યુવાનો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા સ્મશાન ગુહ ખાતે યુવાનો દ્વારા ઓકિસજન યુકત આયુર્વેદિક વુક્ષો નુ વૃક્ષારોપણ કરવામા જેમા બળદેવ વાણીયા, જીગર રોહિત ,નિતેસ વાણી , મનોજ વાણીયા, સચીન પરમાર સહિત ના યુવાનો દ્વારા વૃક્ષારોપણ કરવામા આવ્યુ. તો યુવાનો દ્વારા અન્ય સમાજ કે અન્ય ગામા લોકો પણ સ્મશાન ગુહ અંતિમ ધામ ખાતે વૃક્ષારોપણ કરે એક પ્રેરણા રૂપ છે.

# ઓલ ઈન્ડિયા બંજારા સેવા સંઘની બેઠકમાં ઉપાધ્યક્ષપદે મગનજી વણઝારાની વરણી



હિંમતનગર, તા.૨૯

ઓલ ઈન્ડિયા બંજારા સેવા સંઘના મહાસચિવ કે.જી. વણઝારા (નિવૃત્ત ડાયરેટર ઓબીસી ગુજરાત સરકાર)ના અધ્યસ્થાને ગુજરાત શાખાની બેઠક ગાંધીનગરમાં મળી હતી. જેમાં ગુજરાત શાખાના પ્રમુખ નારાજી વણઝારાનું નિધન થતાં તેમના સ્થાને નવા પ્રમુખ તરીકે જીતેન્દ્રકુમાર ખેમાજી વણઝારા (નાપડા ટાંડા અરવલ્લી) તેમજ ઉપાધ્યક્ષ પદે હિંમતનગર પ્રેસ કલબના પ્રમુખ મગનજીસિંહ વણઝારાની તથા ગંગાજી નારાજી વણઝારા (અમદાવાદ)ની સર્વાનુમતે વરણી કરાઈ હતી. મહામંત્રીપદે વિજયસિંહ ફુલાજી વણઝારા, ડૉ. ગોવર્ધનભાઈ જશાજી વણઝારા (પ્રોફેસર) અમદાવાદની નિમણૂંક કરાઈ હતી. બેઠકમાં સમાજના લગતા પ્રશઅનો અંગે તેમજ સમાજમાં શિક્ષણનું સ્તર વધે તે માટે સમાજના આગેવાનો જાગૃત બની કામ કરે તેવું કે.જી. વણઝારાએ આહ્વાન કર્યું હતું.

## જન્મદિને વધામણી



નિર્ભય રવિકુમાર પટેલ
રડોદરા, તા.બાયડ



યોગેશભાઈ એસ. પટેલ
(સેક્રેટરી : સ્વામિનારાયણ સોસાયટી-૧)
બાયડ, જિ.અરવલ્લી



ગોપાલભાઈ એમ. દરજી
(પ્રા.શિક્ષક)
આકરૂન્દ(બાયડ)



બબલુ(અમિત) જોષી
બાયડ, જિ.અરવલ્લી



રમેશ નાયક, પત્રકાર
સલાલ, તા.પ્રાંતિજ



જયેન્દ્ર ગોસ્વામી
આકરૂન્દ, તા.ધનસુરા



નિકુંજ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



ધનસુખભાઈ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



ભરતભાઈ એસ. પટેલ
(કોર્પોરેટર : નગરપાલિકા બાયડ)
(ચેરમેન : ધી બાયડ દૂધ મંડળી)
બાયડ, જિ.અરવલ્લી



અતુલભાઈ પ્રેમજીભાઈ પટેલ
(નારાયણનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી